સુવિચાર

સ્ત્રી શકિતનું સ્વરૂપ છે એનું હંમેશા સન્માન કરવું.
નારી સંસારનો સાર છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૯/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મઘ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ ભાદરવા વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૨૩૭




ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર

૭૭ વીઘાં નો રીસોર્ટ



- ૧૦૦ રૂમ
- રેન ડાન્સ એરિયા
- વેડિંગ હોલ
- પૂલ સાઈડ વેડિંગ
- પાર્ટી પ્લોટ
- રિસોર્ટ ની બધી એમિનીટીઝ

માત્ર રૂ. 4,99,000 માં

300 મેમ્બર્સ માટે

GreenWoods
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir


## રૂપિયા ૨૯૨ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમુર્હુત કરતાં મુખ્યમંત્રી

# અમરેલીમાં રૂપિયા ૪૨.૪૮ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ બસપોર્ટનો પ્રારંભ

- ગુજરાતે વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો રોડમેપ નિર્ધારિત કર્યો છે
- વડાપ્રધાનનાં નેતૃત્વમાં ગુજરાતે વિકાસ ક્ષેત્રે આગવા સીમાચિહ્નો અંકિત કર્યા
- સ્વચ્છાગ્રહને આપણા જીવનનો સ્વભાવ બનાવી ગામ-નગર સાથે રાજ્યને સ્વચ્છ બનાવવા અનુરોધ
- નાયબ દંડક, સાંસદ, ધારાસભ્યો સહિતનાં પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી શહેર અને જિલ્લાને રૂા. ૨૯૨ કરોડના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ, ખાતમૂહુર્ત અને નવીનીકરણના ત્રિવિધ પ્રકલ્પોની ભેટ આપી હતી. મુખ્યમંત્રીએ આ પ્રસંગે ગુજરાતનાવિકાસનારોડમેપનોચિતાર આપતા જણાવ્યુ કે, વડાપ્રધાને એરપોર્ટ જેવી આધુનિક સુવિધાઓ ધરાવતા બસપોર્ટ આપીને નાગરિકોનું ઈઝ ઓફ લિવિંગ વધારવાની શરૂઆત કરાવી છે. એ દિશામાં આગળ વધતા આજે અમરેલી ખાતે અત્યાધુનિક બસપોર્ટની શરૂઆત થઈ છે. અમરેલી ખાતે રૂા. ૪૨.૪૮ કરોડના ખર્ચે નિર્મિત બસપોર્ટ અમરેલીવાસીઓ સહિત જિલ્લાના નાગરિકોને આવાગમનની આધુનિક સુવિધા ઉપલબ્ધ થઈ છે. આ અત્યાધુનિક એસ.ટી. બસ પોર્ટના નિર્માણથી મુસાફરોને આરામદાયક સુવિધાઓ સાથે સગવડતાભરી મુસાફરીનો લાભ મળી રહેશે. એટલુ જ નહિ, આ બસપોર્ટ અમરેલી શહેરની એક નવી ઓળખ બની રહેશે.


અનુસંધાન પાના ૬ ઉપર



શ્રદ્ધાંજલિ



માઁ કહુ કે બેન કહુ, સમજ મને ના પડે પણ જીવન તમે કેવું જીવી ગયા ને અમોને પણ શીખવતા ગયા, દુઃખ, વેદના, સહન કરતા-કરતા ક્ષમાવૃતિ અમોને શીખવી ગયા, ભકિતનાં રંગમાં રંગાઈ આપ પ્રભુ મય બની ગયા
પરમકૃપાળુ સદાશીવ સોમનાથદાદા સદ્‌ગત આત્માને ચીર શાંતિ અર્પે એજ ખરા હૃદયથી પ્રાર્થના સહ...

સ્વ.હંસાબેન રતિલાલ વ્યાસ
(ઉ.વ.૭૮) સ્વ.તા.૧૮-૦૯-૨૦૨૪

લી. સિધ્ધિવિનાયક મહિલા મંડળ અમરેલી



Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...

ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
- ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
- વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
- લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા

ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
(નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
- આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
- જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર

ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324



Sheetal



સ્ટાફ જોઈએ છે.

અમરેલીની નામાંકિત કંપની શીતલ મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ માટે અમરેલી શહેરમાં ડોર ટુ ડોર સેલ્સ-માર્કેટિંગ કરી શકે તેવા ભાઈઓ-બહેનો જોઈએ છે. રસધરાવનાર વ્યક્તિએ પોતાનું રિઝ્યુમ નીચેઆપેલા નંબર પર મોકલ્યા પછી સંપર્ક કરવો.
95109 59957

શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601

## સત્તાધારી પક્ષનાં જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે સાંસદને પત્ર પાઠવ્યો

# લીલીયામોટા પંથકમાં ખનિજ ચોરી અને દારૂનું વેચાણ બંધ કરાવો

### ખાણ–ખનિજ અને પોલીસ વિભાગની રહેમનજર હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોવાનો આક્ષેપ

### અવારનવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી

### રાજ્ય સરકારને બદનામ કરવાનાં ઈરાદાથી રેતી ચોરી કે દારૂની પ્રવૃત્તિ બંધ થતી નથી

### પોલીસ અને ખનિજ વિભાગ કાર્યવાહી ન કરે તો જનતા રેડ કરવાની પણ ચીમકી આપી

અમરેલી, તા. ૨૦

અમરેલી પંથકમાંથી ગેરકાયદેસર રીતે રેતી ચોરી કરવાનું મહાકાય કૌભાંડ એક દાયકા કરતાં વધુ સમયથી ચાલી રહ્યું છે. તો દેશી–વિદેશી દારૂનું પણ ખુલ્લેઆમ વેચાણ થતું હોવાનું જગજાહેર છે. તેવા સમયે સત્તાધારી પક્ષ ભાજપનાં જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે



લીલીયા મોટામાં થતી રેતી ચોરી અને દારૂનું વેચાણ બંધ કરાવવા સાંસદને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકામાં શેત્રુંજી નદી પસાર થાય છે અને જે વિસ્તારમાં એશિયાટીક સિંહ પણ વસવાટ કરે છે અને સરકારી કચેરી દ્વારા પણ શેત્રુંજી નદીમાંથી કોઈપણ પ્રકારની લીઝ મંજુર કરેલ નથી તેમ છતાં ખાણ ખનીજ ચોરી વિભાગ અને પોલીસના અધિકારીઓની રહેમ નજર હેઠળ લીલીયા તાલુકાની શેત્રુંજી નદીમાં મોટમા પ્રમાણમાં ખનીજ ચોરી થાય છે અને લીલીયા તાલુકામાં અલગ અલગ જગ્યાએ રેતી સ્ટોકની પરમીશન આપી શેત્રુંજી નદીમાંથી રેતીના સ્ટોક પર રેતી લાવવામાં આવે છે અને ત્યાંથી ગેરકાયદેસર રીતે પાસ બનાવવામાં આવે છે અને લીલીયા તાલુકામાં દારૂનું પણ ખુબ જમોટા પ્રમાણમાં વેચાણ થઈ રહ્યું છે. જે બાબતે પણ વારંવાર રજૂઆત કરવા છતા દારૂ બંધ કરવા પોલીસ વિભાગ દ્વારા નીરસતા દાખવેલ છે આમ, લીલીયા તાલુકામ શેત્રુંજી નદીમાંથી ખાણ ખનીજ વિભાગ અને દારૂ બંધીમાં પોલીસ વિભાગ દ્વારા ગુજરાત સરકારને બદનામ કરવાના બદ ઈરાદા સાથે સંપૂર્ણ બંધ થાય તેવા કોઈ પગલા લીધેલ નથી. અને લીલીયા તાલુકામાં રેતી ચોરી અને દારૂ બંધ કરવામાં ખાણ ખનીજ વિભાગ અને પોલીસ વિભાગ ગુજરાત સરકારના કાયદાને અમલ કરવામાં સંપૂર્ણ નિષ્ફળ ગયેલ છે જેથી ના છુટકે ગુજરાત સરકારને બદનામ કરવાના ઈરાદાને નિષ્ફળ બનાવવા જનતા રેડ કરવાની ફરજ પડશે અને આ જનતા રેડમાં અમો તથા રેડમાં સાથે જોડાનાર લોકો પર ખનીજ ચોરી કરતા ઈસમો અને દારૂ વેચાણ કરતા બુટલેગરો દ્વારા કોઈ પણ સમયે ગંભીર હુમલો / વાહન દ્વારા કેસીડન્ટ કરી શકે તમે હોય તેથી અમો તથા જનતા રેડમ જોડાનાર લોકો પર આવો કોઈ ગંભીર હુમલો કે જાનહાની થાય તો તે અંગે ખાણ ખનીજ વિભાગ તથા પોલીસ વિભાગના અધિકારીઓ સંપૂર્ણ જવાબદાર રહેશે. તેમ અંતમાં જણાવેલ છે.

---

### સંતો અને મહાપુરૂષોની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ

## અમરેલીના સ્માર્ટ અને સુવિધાસભર ગામ દેવરાજીયાની મુલાકાત લેતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

### મુખ્યમંત્રીએ ગ્રામ્ય સંસ્કૃતિની ઝાંખી રજૂ કરતું 'ખોરડું' નિહાળ્યું

અમરેલી, તા. ૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે, અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન જિલ્લાના સુવિધા સભર અને સ્માર્ટ ગામ એવા દેવરાજીયાની મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું દેવરાજીયા ગામના ગ્રામજનોએ ઉત્સાહભેર સ્વાગત થયું હતું. મુખ્યમંત્રીશ્રીએ દેવરાજીયા ગામના પાદરમાં આવેલ અને ગ્રામ્ય સંસ્કૃતિની ઝાંખી રજૂ કરતા 'ખોરડું' ની મુલાકાત કરી હતી. ગામના પ્રાંગણમાં આવેલા સ્વામી વિવેકાનંદ, શહીદ સ્મારક, ડો. બાબાસાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, સંત શ્રી ભોજલરામ બાપા, શ્રી સ્વામી સહજાનંદ અને સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



પીવાના શુદ્ધ પાણી માટેના છે. પ્લાન્ટનું પણ મુખ્યમંત્રીએ નિરીક્ષણ કર્યુ હતું. આ તકે મુખ્યમંત્રીએ કોમ્યુનિટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત રૂા. ૧૭ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનને ખુલ્લું મૂક્યું હતું. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના સુવિધા સભરઆ દેવરાજીયામાં ગ્રામજનો માટે ઉપલબ્ધ સુવિધાઓથી મુખ્યમંત્રી અવગત થયા હતા.

મુખ્યમંત્રીની દેવરાજીયા ગામની મુલાકાત દરમિયાન સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય સર્વ મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, પોલીસ અધિક્ષક હિમકરસિંધ, દેવરાજીયા ગામના સરપંચ શ્રીમતી સગુણાબેન કેશિકભાઈ વેકરિયા સહિતના પદાધિકારી–અધિકારી, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓ–કર્મચારીઓ જોડાયા હતાં.

---

## લાઠી : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું દુધાળા હેલિપેડ પર સ્વાગત



અમરેલી, તા. ૨૦

અમરેલી એસ. ટી. બસ સ્ટેશન ખાતે નવીન અદ્યતન સુવિધાસભર બસપોર્ટના લોકાર્પણ, સ્પોર્ટ્સ કોમ્પલેક્સ અને રાજમહેલ નવીનીકરણ સહિત જિલ્લામાં રાજયના વિવિધ વિભાગના રૂ. ૨૯૨ કરોડના ૭૭ વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ–ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પધારેલા રાજયના મૃદુ, મકકમ અને સરળ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું લાઠી તાલુકાના દુધાળા હેલિપેડ પર ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતુ.

અમરેલી હેલિપેડ પર લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પદમશ્રી સવજીભાઈ ધોળકીયા, ભાવનગર રેન્જ આઈ. જી. ગૌતમ પરમાર, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ, ધોળકિયા પરીવારના સદસ્યો, મહાનુભાવો સહિતના મહાનુભાવોએ મુખ્યમંત્રીનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યુ હતુ.

---

## લીલીયા મોટામાં જેટિંગ મશીનનું આગમન થતાં કરાયું સ્વાગત

લીલીયા મોટા, તા. ૨૦

લીલીયા મોટા ની જનતા છેલ્લા ઘણા વર્ષથી ગટર સફાઈ બાબતે અવારનવાર લીલીયા ચેમ્બર ઓફ કોમર્સ તેમજ ગામના જાગૃત નાગરિક રસિકભાઈ પંકજ પાંન વાળા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુંભાઈ ડાભી, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ ભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, ગીતાબેન કાનજીભાઈ નાકરાણી, સહિતના ગ્રામજનો દ્વારા અનેક રજૂઆતો આંદોલનો કરવામાં આવેલ હોય ત્યારે જેમના ફળ સ્વરૂપે આજરોજ લીલીયા ગ્રામ પંચાયતને જેટિંગ મશીન મુખ્યમંત્રી દ્વારા અર્પણ કરવામાં આવેલ આ જેટિંગ મશીનમાં ૧૦% જિલ્લા પંચાયતની ગ્રાન્ટ ૪૨.૬૦.૦૦૦/– હજાર નું નવું જેટિંગ મશીન આજ રોજ લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ વોરાને વિધિવત રીતે ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા અર્પણ કરવામાં આવેલ હોય જેમનું લીલીયા ગામ ખાતે સેપ્રથમ લીલીયા મોટા વડવાળા હનુમાન મંદિર ખાતે જેટિંગ મશીનનો ફટાકડા ફોડી અને પુષ્પ વર્ષા



કરી સ્વાગત કરાયેલ ત્યારબાદ હનુમાન દાદા ના ચરણોમાં શ્રીફળ વધેરી અને ત્યાંથી રામજી મંદિર ખાતે જેટિંગ મશીન લઈ જવામાં આવેલ ત્યાં કિશોરભાઈ ભગવતીવાળા દ્વારા પેંડા ખવરાવી મોમીઠા કરાવેલ અને ત્યાં ઉપસ્થિત ગ્રામજનો વેપારીઓ દ્વારા જેટિંગ મશીનને ફૂલડે થી વધાવવામાં આવેલ હોય ત્યારે લીલીયાના સરપંચ દ્વારા જેટિંગ મશીન બાબતે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા વિકાસ અધિકારી અને સ્થાનિક તાલુકા પંચાયત ના કર્મચારીઓનો પણ આભાર માનેલ આ તકે લીલીયા તાલુકા ભાજપ મહામંત્રી ગેતમભાઈ વિછીયા જીગ્નેશ સાવજ ઉપસરપંચ વિજયભાઈ શેખલીયા, કેપ્ટન ધામત પરીનભાઈ સોની, પરેશ પહાડા, કમલેશ બાપુ, કાનજીભાઈ નાકરાણી, ઘનશ્યામભાઈ મેઘાણી તેમજ ગ્રામ પંચાયતના તલાટી મંત્રી ગઢવી ભાઈ ગ્રામ પંચાયતના સદસ્યો અને વેપારીઓ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ આ કાર્યક્રમને સફળ બનાવવામાં ગ્રામ પંચાયતના ઉપ સરપંચ વિજય શેખલીયા, રૂપેશ ભરવાડ રવજીભાઈ વઘેડીયા, ચોકત ભા, હરિભાઈ, કલ્પેશ ડાભી, સહિતના ગ્રામ પંચાયત સદસ્યોએ જહેમત ઉઠાવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં વરદ્–હસ્તે

## ગાંધીનગર ખાતે સોનાલિકા ટ્રેકટર કંપનીનું નવું મોડેલ Tiger-42નું લોન્ચિંગ

### કંપનીનાં અધિકારીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૨૦

આજે ગાંધીનગર એગ્રી એશિયા કૃષિ મેળામાં સોનાલીકા ટ્રેકટર કંપનીનું નવું મોડેલ Tiger 42 નું લોન્ચિંગ દિલીપભાઈ સંઘાણી (ચેરમેન IFCCO) ના વરદહસ્તે કરવામાં આવ્યું. જેમાં સોનાલીકા ટ્રેકટર કંપનીના ઉચ્ચ અધિકારી અને મોટી સંખ્યામાં ખેડૂત મિત્રોએ હાજરી આપી.

સોનાલીકા કંપની દ્વારા થોડા સમય પહેલા જ આ મોડેલ ભારતભરમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. હવે તે મોડેલ ગુજરાતની અને અમરેલી સોનાલિકા ટ્રેકટરની ડીલરશિપ પર પણ ઉપ્લબ્ધ જોવા મળશે.

---

## ધારી ખાતે સફારી પાર્કમાં મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ સિંહ દર્શનનો લાભ લીધો

ધારી, તા. ૨૦

ધારી નજીક આવેલ સમુહ ખેતી ખાતે મુખ્યમંત્રીએ ભોજન લીધેલ હતું ત્યારબાદ હેલીકોપ્ટર મારફતે ધારી ખાતે આવી પહોંચ્યા હતા. ધારીનાં પોલીસ સ્ટેશન, ડી.વાય.એસ.પી. કચેરી તેમજ પોલીસ આવાસોનું લોકાર્પણ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં હાથે કરવામાં આવેલ હતું. ત્યારે ધારાસભ્ય જે.વી.કાકડીયા, કૌશીક વેકરીયા સહીત અમરેલી જિલ્લા ભાજપ અને ધારી તાલુકાની ટીમ પણ હાજર રહેલ હતી. અમરેલી જિલ્લા પોલીસ વડા સહિત અમરેલી જિલ્લા પોલીસનાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે સમગ્ર લોકાર્પણ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેર નાગરિકો હાજરી આપેલ હતી. ઉલ્લેખનીય છે કે ધારી પોલીસ સ્ટેશન ખાતે આમ જોઈએ તો પીએસઆઈ અને પીઆઈ અધિકારીઓ ફરજ પર નિમણુંક થતાં



હતાં પરંતુ હવેથી ધારી ડીવીઝનને ડીવાયસએસપી કચેરી પણ મેળલ છે. અને આજરોજ મુખ્યમંત્રીના શુભહસ્તે ડીવાયએસપી કચેરીનું ઉદઘાટન પણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલનો કાફલો પહોચ્યો આંબરડી સફારી પાર્ક ખાતે ધારી ખાતે ડીવાયએસપી કચેરીનાં લોકાર્પણ કાર્યક્રમ બાદ મુખ્યમંત્રી પહોંચ્યા આંબરડી સફારી પાર્ક ખાતે. ધારાસભ્યો, સાંસદ સભ્ય સહિત અમરેલી જિલ્લા ભાજપ અને ધારી તાલુકા ભાજપનાં રાજકીય આગેવાનો પણ પહોંચ્યા હતા મુખ્યમંત્રીને આવકારવા માટે સફારી પાર્ક ખાતે પહોંચીને મુખ્યમંત્રીએ પ્રવાસીઓ માટેની સુવિધાઓ નિહાળી સાથે જ આંબરડી સફારી પાર્ક ખાતેનાં સિંહોનાં

---

### જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી IMANDRA SOLAR PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– બારપટોળી ગામના રે.સ.નં. ૩૧p૬/p૨ ની જમીન હે. ૦–૪૪–૧૨ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ મેરૂભાઈ ભીખાભાઈ રામ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૭૨/૨૪ તા.૦૪/૦૯/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૨૧/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

---

### જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી IMANDRA SOLAR PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– બારપટોળી ગામના રે.સ.નં. ૩૧p૬/p૩ ની જમીન હે. ૦–૩૬–૮૨ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ મંગાભાઈ ભીખાભાઈ રામ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૭૪/૨૪ તા.૦૪/૦૯/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૨૧/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

---

### જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી IMANDRA SOLAR PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– ભચાદર ગામના રે.સ.નં. ૧૬૯/p૧ ની જમીન હે. ૦–૮૦–૯૪ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ વાસુરભાઈ માણસુરભાઈ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૯૮/૨૪ તા.૦૫/૦૯/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૨૧/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

---

### જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– વાવડી ગામના રે.સ.નં. ૧૦૯ ની જમીન હે. ૦–૮૦–૯૪ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ ધીરૂભાઈ છગનભાઈ બરવાળીયા,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૭૭/૨૪ તા.૦૪/૦૯/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૨૧/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

---

### જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– ખાંભલીયા ગામના રે.સ.નં. ૧૮૪ (જુનો રે.નં.૭૬/૨p૨)ની જમીન હે. ૦–૮૦–૯૪ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ રામભાઈ જીવણભાઈ વાઘ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૫૦૧/૨૪ તા.૦૫/૦૯/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૨૧/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## શહેરીજનોનો રોજબરોજની ટ્રાફિક સમસ્યાથી થશે છુટકારો

# સાવરકુંડલા ખાતે રેલ્વે ઓવરબ્રિજનું ખાતમુર્હુત કરતાં મુખ્યમંત્રી

**મુખ્યમંત્રીનાં વરદહસ્તે રૂપિયા ૨૭ કરોડ ૨૪ લાખનાં ખર્ચે નિર્મિત ૩૬૬ કેવી સબ સ્ટેશન અને જેટીંગ મશીનનું લોકાર્પણ**

**મુખ્યમંત્રીનું ધારાસભ્ય મહેશ કસવાલા સહિતનાં આગેવાનોએ કર્યુ સ્વાગત**

**૬૬ કેવી કાર્યરત થવાથી ૬ ગામોનાં ૬૫૨૧ વીજગ્રાહકોને લાભ મળશે**

**નાયબ દંડક કૌશિક વેકરિયા, ધારાસભ્ય સોલંકી, કાકડીયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**









અમરેલી, તા.૨૦

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે સાવરકુંડલાતાલુકામાંરૂા.૨૭કરોડ૨૪ લાખનાખર્ચેનિર્મિત ૩ (ત્રણ) ૬૬કે.વી. સબસ્ટેશનઉપરાંતરૂા.૪૩લાખનાખર્ચે લીલીયાગ્રામપંચાયતનાજેટીગમશીનનું તકતી અનાવરણ સાથે લોકાર્પણ કરવામાંઆવ્યુંહતું.

સાવરકુંડલાતાલુકામાં ૬૬ કેવી સબ સ્ટેશનના લોકાર્પણથી આ વિસ્તારનુંવીજમાળખુવધુસુદ્રઢબનશે. ૬૬ કેવી સબ સ્ટેશન આદસંગ, ભોંકરવા અને ગોરડકા ખાતે નિર્માણ થતા સાવરકુંડલાના ૨૧ ગામોના ૬,૫૨૧ વીજગ્રાહકોનેલાભમળશે. આ સબસ્ટેશનકાર્યરતથવાથીહાઈટેન્શન તેમજ લો ટેન્શનના ઔદ્યોગિક, વ્યાપારિક, ખેતીવાડી તેમજ ઘર વપરાશના કનેકશન ધરાવતા વિવિધ ગ્રાહકોને પૂરતા વીજ દબાણથી તેમજ સાતત્યપૂર્ણ રીતે વીજ પુરવઠો મળશે, આઉપરાંતભવિષ્યનીવીજમાંગનેપણ સંતોષીશકાશે.

સાવરકુંડલા ખાતે પધારેલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સ્થાનિક પદાધિકારીઓ, વિવિધ સંસ્થાઓનાઆગેવાનો–શ્રેષ્ઠીઓદ્વારા ફૂલહારથીસ્વાગતઅભિવાદનકરવામાં આવ્યુંહતું.

સાવરકુંડલા ખાતે રેલવે ઓવરબ્રિજખાતમુર્હૂત, ૬૬કે.વી. સબ સ્ટેશનઉપરાંતલીલીયાગ્રામપંચાયતના જેટીગ મશીનના લોકાર્પણ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરિયા, ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી–કુંકાવાવ–વડીયાવિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, જિલ્લાના ધારાસભ્ય સર્વ મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવિયા સહિત પદાધિકારીઓ, સ્થાનિક આગેવાનો, સાવરકુંડલા શહેર શ્રેષ્ઠીઓ, જિલ્લા કલેકટરઅજયદહિયા, જિલ્લાપોલીસ વડા હિમકર સિંઘ, સાવરકુંડલા પ્રાંત અધિકારી ભાલાળા સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી : ગજેરા કેમ્પસના ડીએલએસએસ ખેલાડીને ૩૫મી વેસ્ટ ઝોન જુનિયર નેશનલ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ઝળહળતી સફળતા



અમરેલી, તા. ૨૦

તારીખ ૧૮ થી ૧૯ સપ્ટેમ્બરના રોજ ૩૫મી વેસ્ટ ઝોન જુનિયર નેશનલ એથ્લેટિકસ ચેમ્પિયનશિપ નડિયાદ મુકામે સ્પોર્ટ કોમ્પ્લેકસમાં રમાઈ હતી. જયાં અંડર – ૧૪, અંડર – ૧૬, અંડર ૧૮ અને અંડર – ૨૦ ભાઈઓ અને બહેનો બહોળી સંખ્યામાં પાર્ટિસિપેશન કરેલ હતું. જેમાં શ્રીમતી હરિભાઈ ગજેરા કેમ્પસના જીલ્લા કક્ષા સ્પોર્ટ સ્કૂલના વિદ્યાર્થીઓમાં અંડર – ૧૬ નકુમ માર્ગી ૬૦૦ મીટરમાં ગોલ્ડ મેડલ અને ૬૦ મીટરમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ, અંડર – ૧૮ મકવાણા જાગૃતિ ૮૦૦ મીટરમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ, અંડર – ૧૪માં મોરી પ્રતીક્ષા ટ્રાયથલોનમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ, અંડર – ૧૬ ભુરીયા આકાશ ૬૦૦ મીટરમાં ગોલ્ડ અને ૬૦ મીટરમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ, અંડર – ૧૮ વાઘેલા દર્શન ૪૦૦ મીટરમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ, અંડર – ૧૮ નકુમ હાર્વીન ૧ કિલોમીટરમાં બ્રોન્ઝ મેળવેલ છે. વિજેતા ખેલાડીઓની નેશનલ કક્ષાએ પસંદગી થયેલ છે. તેમજ અમરેલી જીલ્લા અને શાળાનું નામ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેકિટસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા અને સ્ટાફ તરફથી પૂરૂં પાડવામાં આવે છે. જેથી વધુ સારૂં સ્પોર્ટમાં વિદ્યાર્થીઓ ઉજવળ કારકીદી બનાવી શકે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ અને કેમ્પસ ડાયરેકટર વસંતપેથાણીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં.

### તાલુકા કોંગી પ્રમુખ ભંડેરીની માંગ

## શેત્રુંજી નદીમાં વહી જતું વધારાનું પાણી કેનાલમાં આપો

**ખેડૂતોને પિયતમાં થશે ફાયદો**

અમરેલી, તા. ૨૦

ચાલુ વર્ષે ચોમાસુ સારૂ રહેતા ધારી ખાતે આવેલો ખોડીયાર ડેમ શરૂઆતમાં જ ઓવર ફલો થઈ ગયો છે, અને આ ખોડીયાર ડેમ ઓવરફલો થયેલ હોવાથી ડેમમાં જેટલા પાણીની આવક છે તેની સામે તેટલા જ પાણીની જાવક ડેમમાંથી શરૂ કરવામાં આવેલ છે, જેને લીધે છેલ્લા એક મહિના કરતાં વધુ સમયગાળાથી શેત્રુંજી નદી શરૂ છે, અને આ શેત્રુંજી નદીના કાંઠે આવેલા ખેડૂતોના ખેતરોમાં પિયત માટેના કુવાઓ તથા બોરવેલના પાણીના તળ ઉંચા આવી ગયેલ હોવાથી ખેડૂતોને ખૂબ જ મોટા પ્રમાણમાં ફાયદો થયો છે, હવે આ શેત્રુંજી નદીમાં વધારાનું વહી જતું પાણી શેત્રુંજી નદીથી દૂર આવેલા ખેતરોના ખેડૂતોને લાભ મળે તેના માટે આ ખોડીયાર ડેમનું પાણી કેનાલમાં આપવામાં આવે તો કેનાલની આસપાસના વિસ્તારોમાં



ખેડૂતો પિયત કરી શકે અને પોતાના કુવાઓ તથા બોરવેલમાં રિચાર્જ કરી શકાય તે માટે ધારી ખોડીયાર ડેમનું વધારાની આવકનું પાણી ખેડૂતોને સિંચાઈ માટે કેનાલ દ્વારા આપવાની માંગ અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ કરી છે.

### વર્ષો પહેલાનાં સંબધોની યાદ તાજા કરીને

## અમરેલીમાં નાગનાથ મંદિરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું સ્વાગત કરતા પી.પી. સોજીત્રા

**મુખ્યમંત્રીને માર્કેટયાર્ડમાં પધારવા આમંત્રણ પાઠવ્યું**

અમરેલી, તા. ૨૦

અમરેલીખાતેવિવિધવિકાસ કાર્યોનાં લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં આગમન વખતે અમરેલી એપીએમસીનાં ડિરેકટર તથા અમરેલીનાગરિકબેંકનાંભૂતપુર્વચેરમેન પી.પી.સોજીત્રાદ્વારાગ્રામદેવતાનાગનાથ મંદિરનાંપ્રાંગણમાંમુખ્યમંત્રીનુંસ્વાગત કરવામાં આવ્યું. અમરેલીનાં દ્રષ્ટાંતરૂપ વિકાસકર્તા એવા પી.પી.સોજીત્રાએ મુખ્યમંત્રીને અમરેલી માર્કેટિંગ યાર્ડની મુલાકાત લેવા માટે વિનંતી કરીહતી.

આ પ્રસંગે સોજીત્રાએ અમરેલી માર્કેટિંગ યાર્ડનાં મહત્વ, ખેડૂતભાઈઓને પ્રાપ્ત થતા લાભો અને યાર્ડનીવર્તમાનપ્રવૃતિઓવિષેમુખ્યમંત્રીને વિસ્તૃતમાહિતીઆપી. મુખ્યમંત્રીએપણ યાર્ડનીભુમિકાઅનેકાર્યક્ષમતાનીપ્રશંસા કરતા, આગામીસમયમાંઆયાર્ડનાંવધુ



વિકાસમાટેસરકારનીસંપુર્ણસહાયઅને સહકારનુંવચનઆપ્યું.

આ કાર્યક્રમમાં અનેક સત્તાવાર વ્યકિતઓ, અધિકારીઓ, ખેડૂતોઅનેસ્થાનિકઆગેવાનોઉપસ્થિત રહયાહતા.

**બાબરામાં મકાન વેચવાનું છે**

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે

૮૦ વાર જગ્યામાં (ડુપ્લેક્સ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડું મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ

રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં – બાબરા

સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...

(બાબરાવાળા)

**આનંદ કલોથ સ્ટોર**

હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...

• મોહનથાળ...
• બુંદી...
• મગીયા લાડું...

માટે ઓર્ડર બુક કરાવો...

શિવ ફરસાણ (ધારીવાળા)

ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...

શુદ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.













# પણ હવે શું ?

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**



## કબુકબુ, આજા, આજા!



**હસમુખ બોરાણિયા**

નાનકડી રીષિકા અને ત્રિશા. બંને બહેનો દાદીમા પાસેથી દરરોજ વાર્તા સાંભળે. એક દિવસ રીષિકાએ કહ્યું, ‘‘હું વાર્તા કહું ?’’ દાદીમાએ નવાઈ પામતાં કહ્યું, હા રીષિકાએ કહેલી બાળવાર્તા માણીએ.

હું ત્રણ-ચાર વર્ષની થઈ. મને કે.જી.માં દાખલ કરવામાં આવી. મને ત્યાં જરા પણ ગમે નહીં. મારે રમવું હોય ત્યાં મેડમનો હુકમ છૂટે, ‘‘ચાલો, ચાલો પ્રવૃત્તિ કરો, આલ્ફાબેટ્સ ઓળખો, કલર ઓળખો, આમ કરો તેમ કરો.’’ મને તો ગમે નહિ. શું કરવું? સાચું કહું મને ઘેર રહેવું ગમે. ત્યાં બધાં બાળકો શેરીમાં રમતાં હોય. કેવી મજા પડે! દાદા-દાદી સાથે વાતો કરવા મળે, વાર્તા સાંભળવા મળે.’’ એક દિવસ શું થયું ખબર છે ? કે. જી.માં મડમે મને હોમવર્ક આપ્યું. એ ફોર, બી ફોર મમ્મીએ બધું શીખવ્યું હતું. મને તો યાદ રહી ગયું. કે. જી. જતાં-જતાં રસ્તામાં બધું જોતી હતી. મજા પડી ગઈ! દોડતાં વાહનો, ઊડતાં પક્ષીઓ, રમતાં કૂતરાં, ક્રિકેટ રમતાં બાળકો, ઊંટગાડી, વૃક્ષો ઘણું બધું જોયું. પછી કે. જી.ના કલાસમાં પહોંચી ગયાં તો ‘‘મેડમે સવાલ પૂછયો, રીષિકા, બોલ જોઈએ એ ફોર બી ફોર’’ મને તો યાદ જ ન આવ્યું. એટલે મેં મેડમને કહ્યું, ‘‘થોડી વાર રાહ જુઓ. ઘેર તો બધું આવડતું હતું, પણ અત્યારે બધું ભૂલી ગઈ છું. હમણાં યાદ આવે એટલે કહું હો.’’ મેડમને આવો જવાબ ગમે ખરો? પણ હું શું કઢં? યાદ જ ના આવ્યું! દાદીમાએ ધીમેથી પૂછયું, ‘‘પછી શું થયું?’’ તો રીષિકા બોલી, ‘‘પછી તો રજા પડી ગઈ. ઘેર આવી. ભૂખ લાગી હતી. મમ્મીને કહ્યું, ભૂખ લાગી છે. તો મમ્મી કહે, રસોઈ બને છે. તને ભૂખ લાગી હોય તો એપલ આપું ?’’ મેં કહ્યું, ‘‘હા.’’ એપલ ખાતી હતી ત્યાં યાદ આવ્યું, ‘‘એ ફોર... એપલ, બી ફોર...બેટ, સી ફોર...કેટ!’’ પણ હવે શું ? બોલો, આવું થયું !

# સાત તારાઓનું ઝૂમખ



**અભિષેક કે. શાહ**

સપતર્ષિ આકાશમાં આવેલું એક નક્ષત્ર છે. આ નક્ષત્રને દિવ્યઋષિ માનવામાં આવે છે. સપતર્ષિ ઉતરી ગોળાર્ધમાં આવેલા સાત તારાઓ છે. આ તારાઓને અંગ્રેજી ભાષામાં ગેટ / બીગ બિયર અથવા ઉર્સા મેજર કહે છે. આ સાત તારાથી બનેલો આકાર પતંગ જેવો લાગે છે, કે જે આકાશમાં દોરી વડે ઉડતા હોય. સાત તારામાંથી આગળના બે તારાને જોડતી રેખાને સીધી ઉત્તર દિશામાં આગળ વધારીએ તો એ રેખા ધ્રુવ તારા પર પહોંચે છે.સપતર્ષિ ચોરસના પશ્ચિમ તરફ બે તારાઓમાંથી ઉતર દિશામાં નીચે લીટી મારીએ અને કોઈ પ્રકાશિત તારા સાથે અથડાઈ પડીએ તો જાણવું કે એ ધ્રુવતારક પોતે સપતર્ષિના બે તારાઓના નામ ક્રતુ અને પુલહ ધ્રુવતારકની આસપાસ ગોળાકારે સપતર્ષિ મંડળ ફરે છે, પણ આ બે તારાઓ કદી ધ્રુવતારક સાથેની એ લીટી દોરતા નથી. વર્ષના ગમે તે વખતે તમે અમને પૂછો તેઓ બંને ધ્રુવ મહારાજના દર્શન કરવાના. આથી તથેમને અગ્રેજીમાં ધુવ્ર પોઈટર કહે છે.

ધ્રુવનો તારો પૃથ્વીના ઉતર ધ્રુવની સામે અવકાશમાં જે બિંદુ આવે તેને આકાશી ઉતર ધ્રુવ કહે છે. તેનાથી આ ધ્રુવતારો ૧૧/૪ અંશનું ચકકર કરવું પડે છે. જો ધ્રુવ તારાને દૂરબિનથી જોઈએ તો ધ્રુવનો તારો એકલો નથી દેખાતો. પણ તેન આપાસ બીજા બે તારાઓ છે. ધ્રુવનો તારો મળીને કુલ ત્રણ તારાઓ એકબીજાની આસપાસ ફરી રહ્યાં છે. સપતર્ષીના સાતે તારા લગભગ એકરખા પ્રકાશિક છે. જેના નામ આ પ્રમાણે છે. ૧. ક્રતુ ૨. પુલહ ૩. પુલસત્ય ૪. અત્રિ ૫. અંગિરા ૬. વસિષ્ઠ ૭. મરીચિ

# હસવાની મનાઈ છે.

૧). ઈન્સ્પેકટર : તેં ચોરને પકડયા ?
હવાલદાર : ના, પણ મને ચોરની વિરુધ્ધ કેટલાક સબૂત મળી ગયા છે.
ઈન્સ્પેકટર : કયાં ?
હવાલદાર : એની આંગળીઓની નિશાની
ઈન્સ્પેકટર : કયાં ?
હવાલદાર :મારા ગાલ પર
જીગ્નેશ પી. પટેલ,

૨). મોન્ટુ શરબત પીતા પીતા રડવા લાગ્યો.
પિન્ટુ : કેમ રડે છે ?
મોન્ટુ : જેને ભૂલવા માટે શરાબ પીઉં છું તેની નામ યાદ આવતું નથી.
સોનમ આર. સોઢા, જુનાગઢ.


૩). મોન્ટુ પોતાની નવી કાર લઈને પેઈન્ટર પાસે ગયો અને બોલ્યો ‘‘કંઈક એવું લખી દે કે લોકો સમજી જાય કે આ કાર મારી છે.’’
પેઈન્ટરે લખ્યું, ‘‘કારના દરવાજા બહારની બાજુ ખુલે છે.
ધરા જે. પરમાર, નવસારી

૪). મોન્ટુ : પપ્પા, અમારા શિક્ષક બહુ ભુલી જાય છે.
પપ્પા : કેમ શું થયું ?
મોન્ટુ : એમણે બોર્ડ પર લખ્યું ‘રામાયણ’ પછી એમને પૂછવા લાગ્યા કે ચાલો બોલો તો રામાયણ કોણે લખ્યું ? વિષ્ણુ જે. જોષી, રાજકોટ.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. ગૃહસ્થાશ્રમી બહુ કડક ન થાય બહુ સરળ ન થાય. સ્ત્રીને આધિન રહે તો એ મહા પાપ છે. એ માણસને જોવાથી પણ પાપ છે. સ્ત્રી ઉપર અતિશય વિશ્વાસ રાખવો નહીં સ્ત્રીની વાત બહુ માનસો નહી.
૨. હદયમાંથી રામ જાય તો મનુષ્ય કામાંધ બને છે.
૩. ગૃહસ્થાશ્રમમાં દાન કરવા ખાસ આણા છે. દાનથી ધનની શુદ્ધિ થાય છે. વર્ષમાં એક માસ ગંગા કિનારે જઈ એકાંતમાં નિવાસ કરી નારાયણની આરાધના કરો. તીર્થમાં લૌકિક વાતો કરવાની હોય નહીં.
૪. જે ભૂમિ ઉપર જે કર્મ થાય તેનાં સંસકાર તે ભૂમિમાં આવે છે.
૫. ગૃહસ્થ પુરૂષ ઘરને પવિત્ર રાખે.
૬. સત્વગુણને વધારો તો નિદ્રા ઓછી થશે.
૭. ગૃહસ્થ હું કમાઉ છું એવું અભિમાન ન રાખે.
૮. મનુષ્ય કરેલા પાપને યાદ કરે તો ખાતરી થાય કે, મને જે મળ્યું છે તેના માટે હું લાયક નથી. ભગવાન લાયકાત કરતાં વધારે આપે છે.
૯. દેવ થવું કે દૈત્ય થવું તે તમારા હાથમાં છે.
૧૦. કુંભકને વધારો, પ્રાણને શરીરમાં ટકાવી રાખો વાસનાનો વિનાશ થશે. મારે ઈશ્વરને મળવું છે, એ અલૌકિક વાસના કરો.

# જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) શરૂઆતમાં સિકકાઓ કઈ ધાતુમાંથી બનાવવામાં આવતા ? – તાંબુ
(૨) અકબરના પુત્રનું નામ શું હતું. – જહાંગીર
(૩) શિવાજીના વહીવટીતંત્રમાં ગામડાના મુખ્ય માણસને શું કહેવાતો હતો ? – પટેલ
(૪) શિવાજીનું વડું મથક નૌકા મથક કયા હતું. ? – કોલાબા
(૫) ભારતમાં તમાકુની ખેતી કોણે દાખલ કરી ? – પોટુગીઝોએ
(૬) મહાત્મા બુદ્ધ દ્વારા આપવામાં આવેલા પ્રથમ ઉપદેશને શું કહેવામાં આવે છે ? – ધર્મચક્ર પર્વચન
(૭) જૈન ધર્મના ત્રિરત્ન કયા છે ? – સમ્યક શ્રદ્ધા, સમ્યક આચરણ
(૮) મેવાડનું રાજય કોણે સ્થાપ્યું હતું ? – હમીર
(૯)રાજસ્થાનનું રાજય કોણ સ્થાપ્યું હતું. – મેવાડ
(૧૦) દિલ્લી સલ્તનત પર બેસનાર એક માત્ર હિંદુમાંથી પરિવર્તિત થનાર મુસ્લિમ વ્યકિત કઈ હતી ? – નસીરૂદીન ખસૂરો

# ઝળહળ ઝાકળ

**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**


## ઈયળો

સરેરાશ માણસ આટલો અશાંત કેમ છે ? કયો અજંપો તેને ઠરીઠામ થઈ શાંતિથી કેમ બેસવા દેતો નથી ? માણસના મગજને મોટા વાટકા જેવું કલ્પીએ તો તેમાં અસંખ્ય ઈયળો સળવળ્યા કરે છે, જે તેને અંશાત કરી દે છે.

આ ઈયળો – ઓરતા ઈચ્છા, મનોરથ, સ્વપ્નો –ખદબદતી હોય તેને શાંતિ હોય ? – સતત ભટકયા કરે, ભટકયા કરે, રઘવાયા થઈ ફર્યા કરે... કોઈ દેવ ચરણે જઈ આ વાટકો ખાલી કરે, એટલે એ...ય...ને. નિરાંતની નિંદર...

## પ્રયોગ – ૧૩
# પાણીની કઠિનતા દૂર કરવી

**હેતુ** કયા પદાર્થો પાણીમાં ઓગળે છે અને કયા પદાર્થો પાણીમાં ઓગળતા નથી તે ચકાસવું.
**સાધન:** ત્રણ વાટકી, કસનળી, ફિલ્ટર – પેપર, મીણબત્તી, દીવાસળીની પેટી, ત્રિપાઈ
**પદાર્થ:** પાણી, ધોવાનો સોડા, સાબુનું દ્રાવણ ફટકડી, તેલ, પાણી
**રીત:** **૧.**કઠિન પાણીને બે વાટકીમાં લો.
**૨.** એક વાટકીનાં પાણીને ત્રિપાઈ પર મૂકી ઉકાળો.
**૩.**તે પાણીને ફિલ્ટર – પેપર વડે ગાળી લો.
**૪.**સાબુનાં દ્રાવણનાં પાંચ ટીપા નાખી હલાવો.
**૫.** બીજી વાકટીનાં પાણીમાં અડધી ચમચી ધોવાનો સોડા નાખી હલાવો. કસનળીમાં ગાળી લો.
**૬.** સાબુના દ્રાવણના પાંચ ટીપા નાખી હલાવો



## પ્રયોગની પાંખે
**વિજ્ઞાન નગરી**
**પ્રકાશક: શ્રી બળવત પારેખ**



**અવલોકન કોષ્ટક :** ધોવાનો સોડા નાખેલા પાણીમાં અને ઉકાળેલા પાણીમાં સાબુના ફીણ વધુ થાય છે.

**તારણ:**
કઠિન પાણીને નરમ બનાવી શકાય છે.
પૃથ્વીને એક વખત સૂર્યની પ્રદક્ષિણા કરવા માટે કુલ ૩૬૫ દિવસ, પાંચ કલાક, ૪૮ મિનિટ અજે ૪૬ સેકંડ લાગે છે.

પૃથ્વીને એક વખત સૂર્યની પ્રદક્ષિણા કરવા માટે કુલ ૩૬૫ દિવસ, પાંચ કલાક, ૪૮ મિનિટ અને ૪૬ સેકંડ લાગે છે.

# કૃષ્ણનું સત્યાત્મક સ્વરૂપ

**– હરીન્દ્ર દવે**





મથુરાના કારાગારમાં કૃષ્ણનો જન્મ થાય છે. ત્યારે બ્રહ્મા, શંકર, નારદ આદિ મુનિઓ અને દેવો કૃષ્ણની સ્તુતી કરે છે. આ સ્તુતિનો પ્રારંભ આ શ્લોકથી થાય છે. :

સત્યવ્રતં સત્યપરં ત્રિસત્યં, સત્યસ્ય યોનિર નિહિતં ચ સત્યે, સત્યસ્ય સત્યં ઋતસત્યનેત્રમ, સત્યાત્મકં ત્વાં શરણં પ્રપન્નાાા

ભાગવતમાં ભગવાન વેદવ્યાસ કૃષ્ણની સ્તુતિના આ એક શ્લોકમાં કયાંય કૃષ્ણ નામ નથી આવતુ, પરંતુ સત્ય શબ્દ નવ વાર આવે છે. દેવો સ્તુતિ કરતી વખતે કૃષ્ણને સત્યવ્રત, સત્યનો સંકલ્પ કરનાર કહે છે. : સત્યપરં– એટલે કે પરમ સત્ય તરીકે જુએ છે. ત્રણે કાળના સત્ય તરીકે કૃષ્ણને જુએ છે. સત્યની યોનિ–એટલે કે સત્યનો જયા જન્મ થાય છે. એ મુળ તત્વ તરીકે અને સત્ય જયા અંતર્યામી રૂપે રહે છે. એવ ા પંચમહાભૂત વિશે પર કૃષ્ણનાં દર્શન કરે છે., સત્યનું સત્ય પણ કૃષ્ણ છે :સત્યના નેત્ર પર કૃષ્ણ છે. જે સત્યાત્મક છે એવા કૃષ્ણને શરણે જવાના મનોરથ પ્રગટ કરતા આ શ્લોકમા

કૃષ્ણને નવધા સત્ય તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે. આપણે મહાભારતના એક પ્રસંગ દ્વારા કૃષ્ણના સત્યાત્મક સ્વરૂપની વાત કરીશુ.

મહાભારતના યુધ્ધનો આ પ્રસંગ છે. કર્ણ ભાર્ગવસ્ત્ર નામના શસ્ત્રનો પ્રયોગ કરે છે. પાંડવસૈન્ય ત્રાહી પોકારી જાય છે. અર્જુન પણ આ શસ્ત્રથી થયેલ વિનાશને જોઈ હચમચી જાય છે અને કહે છે. : આ કર્ણ કંઈ યુધ્ધમાંથી ભાગે એમ લાગતુ નથી. જીવતા માણસની યુધ્ધમા હાર કે જીત થાય છે, પણ જે મારા જેવો પરાજિત થયો છે. એ તો વધ પામી જ ચૂકયો છે. અને વધ એવ કુતો જય – વધ પોમલાનો વળી જય કેવો ?


કૃષ્ણ સમજી જાય છે. કે અર્જુન થાકયો છે. એટલે જ આવી હતાશા વાણી બોલે. યુધ્ધનો સતરમો દિવસ છે, અર્જુન સતર દિવસથી લડે છે. કર્ણ, ભીમ પડયા એ પછ અગિયારમા દિવસે યુધ્ધમા જોડાયો છે. એ પ્રમાજ્ઞણમાં ઓછો થાકયો છે. આ ક્ષણે થાકેલો અર્જુન પ્રમાણમાં તાજા કર્ણ સામે લડે એ યોગ્ય નથી એમ માની સારથી કૃષ્ણ સૂચવે છે. ચાલ, આપણે પ્રથમ યુધિષ્ઠિરની ખબર કાઢી આવીએ, એ ખૂબ ઘવાયા છે. એમને સાંત્વન આપીને આવીએ.

કર્ણના આક્રમણથી ઘવાયેલો યુધિષ્ઠિર પલંગમાં સૂતાછે. કૃષ્ણ તથા અર્જુનને સાથે આવેલા જોઈ યુધિષ્ઠિરને લાગે છે કે કર્ણને મારીને જ બંને આવ્યા છે. નહીચર, અત્યારે યુધ્ધ ચાલી રહયુ છે, ત્યારે રણભૂમિ છોડી આ બંને શા માટે આવે ? એટલે પૂછે છે : શક, યમ અને પરશુરામ જેવા પરાક્રમની કર્ણને તે શી રીતે માર્યો ? અર્જુન પીડાગ્રસ્ત યુધિષ્ઠિર કહે છે : હજી કર્ણ માર્યો નથી : પણ આજે કર્ણને હુ અવશ્ય મારીશ.

કર્ણના તીરોથી વીંધાયેલા યુધિષ્ઠિર માટે કર્ણ જીવે છે, એ વાત જ સાંભળ વાનુ અસહય બની જાય છે. એમની હતાશા ક્રોધમાં પરિણમે છે : એ અર્જુન પર તૂટી પડે છે : કૃષ્ણ જેવા સારથી હતા અને ગાંડિવ તે કૃષ્ણને આપી દીધુ હોત તો તેમણે દુરાત્મા કર્ણનો વધ કર્યો હોત.. યુધિષ્ઠિરના ચેત મનમા અર્જુનના પરાક્રમની ઈર્ષ્યા છે. એટલે ક્રોધમાં એ વાણી પરનો સંમય ગુમાવે છે.(ક્રમશ:)

# સૌનું આરોગ્ય

## સૌનું આરોગ્ય
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક



**૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ**

### ૨૮ ખોડો

**કારણ :** વધુ પડતી મીઠાઈ આરોગવાથી, દર્હીના નિયમિત સેવનથી, કફ પ્રકૃતિ ધરાવતી વ્યકિતઓને માથામાં ખોડો મીઠી ખજવાળ આવ્યા કરે છે.
૧. નાહવાના પાણીમાં એક મુઠી મીઠું નાખી, ઓગાળી નાખવું. પછી આ પાણીની માથું ખૂબ ચોળીને સાફ કરવું.
૨. પચાસ ગ્રામ માથામાં નાખવાનું તેલ લઈ, તેમાં એક આંબલિયા જેટલાં લીબુંના ફૂલ નાખી, મિશ્રણ થયેથી આ તેલ માથામાં નાખવું. આથી થોડા દિવસોમાં જ ખોડો તથા ઉંદરી મટે છે.

### ૨૯ ગડ–ગૂમડ

**કારણ :** વાત, પિત્ત, કફ દૂષિત થવાથી રકત અને માંસ દૂષિત થાય છે. પરિણામે ગૂમડા નીકળે છે.
૧. ઘઉંના લોટ અને કબૂતરની હગાર, સમાન વજને લઈ, જરૂર પૂરતાં પાણી સાથે ગરમ કરી, પોટિસ બનાવી બાંધવાથી ગમે તેવાં ન પાકત ગૂમડાં પાકીને ફૂટી જાય છે.
૨. કાચા આંબલિયા પાણીમાં પલાળી, માખણ જેવા વાટી ગુમડા ઉપર લગાડવાથી વગર ઓપરેશને ગમે તેવાં ગૂમડાં ફૂટી જાય છે.
૩. ધામિયા ગૂમડા ઉપર પર સોનાગેરૂ પાણી સાથે મેળવી દિવસમાં બે – ત્રણ વખત લગાડવો. ૪. જેમને અવાર નવાર વધુ પ્રમાણમાં ગૂમડાં થતાં હોય તેમણે હરડે, સાકર અને મજીઠ સમાજ વજને લઈ, વસ્ત્રગાળ ચૂર્ણ કરી સવાર સાંજ ૦૧ – ૦૧ તોલો આ ચૂર્ણ પાણી સાથે લેવું. એકાદ બે માસના પ્રયોગથી શરીરની ગરમી દૂર થઈ, લોહી શુદ્ધ બને છે અને અવારનવાર ગૂમડાં થતાં બંધ થાય છે.


### ૩૦ ગળાના કાકડા

**કારણ :** કફ કરે એવા ભારે પદાર્થોના સેવનથી, વિરૂધ્ધ આહારથી તેમજ ચોકલેટ, પિપરમેટ ચુઈગમના સેવનથી ગળાના કાકડા ફૂલી જાય છે, તો ઘણી વખત તેમાં પાક પણ થાય છે.૧. પચાસ ગ્રામ હળદર અને પચાસ ગ્રામ સાકર લઈ, વસ્ત્રગાળ ચૂર્ણ શીશીમાં ભરી લેવું. કાકડાના દર્દીએ સવાર સાંજ એક ગ્લાસ પાણીમાં અર્ધી ચમચી આ ચૂર્ણ મેળવી હલાવીને પી જવું. દસ – પંદર દિવસના જ આ પ્રયોગથી કાકડા અવશ્ય મટે છે. ૨. હીમેજ એક ભાગ, મજીઠ એક ભાગ, મીંઢીનાં પાન એક ભાગ અને સાકર ત્રણ ભાગ લઈ, વસ્ત્રગાળ ચૂર્ણ કરી રાત્રે સૂતિ વખતે બે થી ત્રણ ગ્રામ આ ચૂર્ણ પાણી સાથે લેવાથી ગળાની અને પેટની ગરમી ઓછી થઈ કાકડા મટે છે.

# આ મારું ચિત્ર છે



મનિષા વિપુલભાઈ વાઘેલા
(ધોરણ–૭, શ્રી પાણિયા પ્રા.શાળા)



શિયાળ માહી કમલેશભાઈ
(ધોરણ – ૫, શ્રી પાણિયા પ્રા.શાળા)



વાઘેલા આરતી
(ધો.૧-પાણિયા પ્રાથમિક શાળા)



ચેતનકુમાર સાવલિયા
ધોરણ. ૩, શ્રી પાણિયા પ્રા.શાળા

# અમરેલી : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાગનાથ મહાદેવના દર્શન કરી પૂજન અર્ચન કર્યુ










અમરેલી જીલ્લાના પ્રવાસે પધારેલા રાજયના મુખ્યમંત્રીએ અમરેલી સ્થિત નાગનાથ મહાદેવના દર્શન કરી અને પૂજન અર્ચન કર્યુ હતું. આ વેળાએ મુખ્યમંત્રીનું અમરેલીના નગરશ્રેષ્ઠીઓ અને વિવિધ સંસ્થાઓ તેમજ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મંદિરના ટ્રસ્ટી કિશોરભાઈ મહેતાએ મુખ્યમંત્રીને અમરેલી નાગનાથ મંદિરનો ઈતિહાસ જણાવ્યો હતો. ૨૦૭ વર્ષ જૂનું આ શિવાલયનું નિર્માણ તત્કાલિન ગાયકવાડ રાજયના દીવાનજી દ્વારા કરવામાં આવ્યું હતું. મુંખ્યમંત્રીએ સર્વે નગરશ્રેષ્ઠીઓનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે સાંસદ અને જીલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, રાજુલા જાફરાબાદ વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, લીલીયા સાવરકુંડલા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારી બગસરા ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી.કાકડીયા લાઠી બાબરા વિસ્તારના જનકભાઈ તળાવીયા, અમરેલી જીલ્લા કલેકટર અજય દહિયા, જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જીલ્લા પોલીક અધિક્ષક હીમકર સિંઘ, નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલ, અમરેલીની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ સહિતના ઉપસ્થિત રહ્યાં હતાં.

## પ્રદેશ કોગ્રેંસના પ્રવકતા હિરેન બેન્કરનાં આક્ષેપ

# ભાજપનાં રાજમાં ફૂલતું ફાલતુ ''નકલી મોડેલ''

# નકલી મોડલએ તંત્રને કર્યુ લકવાગ્રસ્ત

### ભાજપનાં નેતાઓનાં નકલીઓ સાથે નજીકનો નાતો હોય તેવા ફોટોગ્રાફ

અમદાવાદ, તા. ૨૦

ગુજરાતમાં એક બાદ એક નકલી અધિકારીઓ અને નકલીઓનો કારોબાર ભાજપ શાસનમાં ધમધોકાર ચાલી રહ્યો છે. નકલીઓ દ્વારા નાગરિકોને લુંટવાના બેફામ કારનામાંઓને રોકવામાં નાકામ ભાજપ શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે રાજયમાં જાણે કાયદો વ્યવસ્થા કે પોલીસતંત્રની જરાય ડર જ ન હોય તેમ સરકારી કામો કરી આપવા. પ્રમોશન આપવા અને અપાવવા, ટેન્ડર આપવવા, આરોપીઓને છોડી મુકવા સહિતની નીતનવી મોડેસ ઓપરેન્ડીઓ થકી ગુજરાતીઓને છેતરતી 'ટગ કંપની' બેફામ બની છે. જાણે નકલીઓનું તંત્ર અસલી કરતા વધુ અસરકારક હોય અને ' નકલી મોડેલ' એ તંત્રને લકવાગ્રસ્ત કર્યુ હોય એમ બનાવટી અધિકારીઓ છાકટા બની નાગરિકોએ લુંટી રહ્યાં. નકલી કસ્ટમ અધિકારી, ડેપ્યુટી કલેકટર, આઈપીએસ, સીબીઆઈ અધિકારી, સીઆઈડી અધિકારી, કેન્દ્રીય એજન્સી અધિકારી, ગૃહમંત્રાલયની અધિકારી, શાળામાં લોકો ભોગ બન્યા છે. ગુજરાતમાં કરોડોના કૌભાડાં અસલી ખેલાડી કોણ ? સંડોવાયેલા સાચા ખેલાડીઓ બેનકામ કયારે થશે.

છેલ્લા ૨૪ મહિનામાં ૧૯ થી વધુ નકલી અધિકારીઓ – સંસ્થાઓ સામે આવ્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં સુરતના વરાછા પાસેથી નકલી કસ્ટમ અધિકારી હિમાંશુ રાય, અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના સાઠંબાના ઈન્દ્રમમાંથી પ્રકાશ ભાઈ નામનો નકલી ડે.કલેકટર, સુરેન્દ્રનગર પાલિકાનો ભાજપનો કોર્પોરેટ નકલી સીબીઆઈ અધિકારી હિતેશ્વરસિંહ મોરી, ભાજપના નેતાઓ સાથે ફોટા બતાવી ચલાવતો નકલી કેન્દ્રીય એજન્સી અધિકારી ભરત છાબડા, ઓગસ્ટ ૨૦૨૪ સુરતના કામરેજથી નકલી આઈપીએસ પ્રદીપ પટેલ, સુરતમાં મહિલાઓને પજવણી કરતો નકલી સીઆઈડી અધિકારી તરૂણ ભટ્ટ, એપ્રિલ ૨૦૨,માં યુનીવર્સીટી રોડથી નકલી ગૃહમંત્રાલયનો અધિકારી સૌરીશ ઘોષ, જુલાઈ ૨૦૨૪માં રાજકોટના કુવાડવા તાલુકાના માલીયાસણ ગામ ચાલતી નકલી શાળા ગૌરી પ્રાયમરી સ્કુલ, માર્ચ – ૨૦૨૩માં કરાઈમાં ટ્રેનીંગ લેતો નકલી પીએસઆઈ મયુર તડવી, એપ્રિલ ૨૦૨૩માં ભાજપના મોટા નેતાઓ સાથે ફોટા બતાવતો નકલી પીએમઓ અધિકારી કિરણ પટેલ, સંજય શેરપુરીયા, ઓગસ્ટ – ૨૩માં નકલી સીએમઓ અધિકારી લવકુશ દ્વિવેદી જેના ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા સામે આવ્યા, જામનગર પોલીસને આરોપીને છોડી મુકવા ભલામણ કરતો નકલી સીએમઓ અધિકાર નિકુંજ પટેલ, નકલી ED અધિકારી ઓમવીસિંહ, નકલી NIA અધિકારી ગુંજન કાંતિયા, ઓકટોબર – ૨૩માં દાહોદ જીલ્લાના બોડેલીમાં નકલી વહીવટી કચેરી બનાવી વહીવટી કચેરી બનાવી ૨૧.૧૫ કરોડની ઉચાપત સામે આવી, સુરતના માંડવી તાલુકામાં નકલી ડેપ્યુડી કલેકટર નેહા પટેલ, નવેમ્બર – ૨૩માં ગાંધીનગરમાં નકલી એફસીઆઈ અધિકારી પુણ્યદેવ રાય, વડોદરામાં ઠગે મહિલા સાથે દુષ્કર્મ આચરનાર નકલી સીએમઓ અધિકારી વિરાજ પટેલ સહિત કેટલાય ગઠિયાઓ મનફાવે તેમ કારનામાં અને કૌભાંડ કરી ગુજરાતની નિર્દોષ નાગરિકોની પરસેવાની કમાણીને બેફામપણે લુંટી રહ્યાં છે.

ભાજપના ચૂંટાયેલા કાઉન્સિલર હિતેશ્વર મોરી નકલી સીબીઆઈ અધિકારી તરીકે પકડાયા. કિરણ પટેલ, સંજય શેરપુરીયા, ભરત છાબડા, સહિત નકલી ગઠિયાઓના ભાજપના નેતાઓ સાથે નજીકનો નાતો હોય તેવા ફોટાગ્રાફ સામે આવ્યા છે. જનતા જાણવા માંગે છે કે નકલીઓ સાથે ભાજપનો અસલી સંબધ શું છે ? પીએમ ઓફીસથી લઈ સીએમ ઓફીસ, આઈએએસથી લઈ આઈપીએસ, કલેકટરથી લઈ કેન્દ્રીય એજન્સીના અધિકારી, ગૃહમંત્રાલય હોય કે કસ્ટમ વિભાગ તમામ સરકારી કચેરીઓના બાબુઓનાં નામે લુંટનો કારોબાર કરનારાઓ નકલીઓ પર કયા અસલી ખેલાડીની રહેમ નજરની છે ? તે ગુજરાત જાણવા માંગે છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૭૦૧ | ૧૧૨૫ |
| ૨ | શિંગાદાણા ફાડા | ૧૧૨૫ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૪૦ | ૨૭૧૫ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૮૭૧ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૩૫૦ | ૩૩૭૫ |
| ૬ | બાજરો | ૪૨૮ | ૪૮૦ |
| ૭ | જુવાર | ૨૫૦ | ૭૫૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૧૫ |
| ૯ | ઘઉં લોકવન | ૫૦૫ | ૬૦૧ |
| ૧૦ | મગ | ૧૨૭૦ | ૧૯૨૫ |
| ૧૧ | અડદ | ૧૦૫૦ | ૧૬૫૦ |
| ૧૨ | ચણા | ૧૧૭૨ | ૧૫૪૯ |
| ૧૩ | તુવેર | ૧૧૫૦ | ૧૩૯૭ |
| ૧૪ | કપાસ | ૮૪૨ | ૧૬૪૫ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૨૦૩ |
| ૧૬ | જીરૂ | ૪૪૯૫ | ૪૬૬૫ |
| ૧૭ | રાયડો | ૧૦૧૦ | ૧૦૮૬ |
| ૧૮ | ધાણા | ૧૧૮૫ | ૧૩૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં ઐતિહાસીક ''રાજમેહલ''નાં

પધાર્યા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સૌથી પહેલા પ્રજાજનોને મળવા પહોંચ્યાહતા. સ્થાનિક વકીલો, ડોકટરો તેમજ નાગરિકોનું અભિવાદન ઝીલતા મુખ્યમંત્રીએ તેમની સાથે વાતચીત કરી હતી.

રાજમહેલ ખાતે તકતી અનાવરણકર્યાબાદ પરિસરમાંપ્રદર્શનને ઝીણવટપૂર્વક નિહાળીને તેમણે ઈમારતના ભવ્ય વારસાની વિગતો મેળવીહતી. આ સાથે ઈમારતનું નવીનીકરણ જે પરંપરાગત પદ્ધતિથી થવાનું છે તેની વિગતો પણ મુખ્યમંત્રીએ મેળવી હતી.

આ તકે સાંસદ ભરતભાઈ સુતરિયા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય સર્વ મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા પોલીસ વડા હિમકર સિંઘ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, નાયબ કલેકટર પૂજા જોટાણીયા વગેરે જોડાયા હતા.

નોંધનીય છે કે, વડોદરાના રાજા ગાયકવાડના સમયનો આ મહેલ ૧૩૨ વર્ષ જૂનો છે. સન ૧૮૯૨માં તેનું બાંધકામ કરવામાં આવ્યું હતું. બે માળ ની આ ઈમારતમાં એક માળની સરેરાશ ઊંચાઈ આશરે ૧૦થી ૧૨ મીટર જેટલી છે. રજવાડી કાળમાં અહીં ' લોક–દરબાર' ભરાતો હતો અને લોકોને ન્યાય આપવાની કામગીરી થતી હતી. દેશ આઝાદ થયા પછી સન ૧૯૪૮થી લઈને ૨૦૧૨ સુધી આ ઈમારતમાં જિલ્લા સેવા સદન એટલે કે કલેકટર કચેરી કાર્યરત હતી. આ ઈમારતના પ્રાંગણમાં મહારાજા સયાજીરાવ ત્રીજા સર શ્રીમંત ગોપાલરાવ ગાયકવાડની કાંસ્યની પ્રતિમા મૂકવામાં આવી છે. અમરેલીના ભવ્ય ઐતિહાસિક વારસાના પુનઃ સ્થાપનના હેતુસર ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા 'અમરેલી શહેરમાં આવેલા રાજમહેલના સંરક્ષણ અને વિકાસની કામગીરી' શરૂ કરવામાં આવી છે.

આ પ્રોજેકટ માટે રાજય સરકારે રૂા. ૨૫.૦૦ કરોડની મંજૂરી આપી છે. નવીનીકરણ બાદ અમરેલીનો આ ભવ્ય વારસો નવજીવન પામશે.

આ ઈમારતનું નવીનીકરણ પણ વિશેષ રીતે કરવામાં આવશે. ઈમારતમાં અંદર તથા બહારના ભાગમાં ડ્રાય–કલીનીંગ, છતનું વોટર–પ્રૂફીંગ, ચૂનાના પથ્થરના ઉપયોગથી હયાત ઈમારતનું મજબૂતીકરણ, પ્લાસ્ટરની મદદથી હયાત ઈમારતનું રિપેરીંગ, ઈમારતના રાત્રિ સુશોભન માટે લાઈટીંગ, લાકડાના છત, હેરિટેજ હોટેલમાં તબદીલ, પાર્કિંગની સુવિધા, ગાર્ડન એરિયા, હેરિટેજ લાકડાની સીડીનું રિપેરિંગ, લાકડાના બારી–દરવાજા, ઝરૂખાના રિપેરીંગની કામગીરીનો સમાવેશ થાય છે. આ ઈમારતના નવીનીકરણમાં સિમેન્ટના બદલે ડોલોમાઈટ, ચિરોડી, મેથી, અડદ દાળ, ચૂનો, પથ્થરનો ભૂકો, સુરખી પાવડર, ગુંદ, શંખજીરૂ, લીમસીડ એસિડ, ગોળ વગેરેનો ઉપયોગ થશે.

# અમરેલીનાં પોલીસ હેડકવાર્ટરમાં રહેતા આધેડનું બીમારીથી નિધન

અમરેલી, તા. ૨૦

અમરેલી ખાતે આવેલ હેડ કવાટર્સ બ્લોક નં. ૮ રૂમ નં. ૬માં રહેતા સુરેશભાઈ કેશુભાઈ ભુવા નામના ૫૬ વર્ષિય આધેડની બન્ને કિડની છ વર્ષ પહેલા ફેલ થઈ જતા તેઓ ડાયાલિસિસ પર હતા. જેને લઈ તા. ૧૯ના રોજ ıસ લેવામાં તકલીફ થતા અમરેલી એઈમ્સ તથા વાડામાં વાઇછડલાં સિવિલ હોસ્પીટલમાં સારવાર અર્થે લઈ જતા ફરજ પરના ડોકટરે તેમને મરણ જાહેર કર્યાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨ | શીંગ નવી | ૮૦૦ | ૧૧૫૬ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૭૦૦ |
| ૪ | તલ કાળા | – | ૩૬૦૦ |
| ૫ | જીરૂ | ૩૬૬૦ | ૪૪૮૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૬૬૭ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૨ | ૬૦૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૯ | ૫૮૬ |
| ૯ | બાજરો | ૪૭૨ | ૫૧૨ |
| ૧૦ | જુવાર | ૭૦૭ | ૮૦૫ |
| ૧૧ | મગ | ૧૪૧૧ | – |
| ૧૨ | ચણા | ૧૨૧૪ | ૧૪૦૦ |
| ૧૩ | તુવેર | ૧૭૧૭ | – |
| ૧૪ | એરંડી | ૧૧૨૫ | – |
| ૧૫ | મેથી | ૧૧૮૦ | – |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીના ચિતલ ગામ નજીકથી

ગોઠવી બાતમી વાળી કારને રોકી તેમની તલાશી લેતાં આ કારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ ૨૧૬ કિમત રૂપિયા ૧,૦૦, ૪૪૦, ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ ૧૦૦૮ કિમત રૂપિયા ૧,૧૫,૯૨૦, ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ ૧૮૦ કિમત રૂપિયા ૮૨,૮૦૦, ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ ૯૬ કિમત રૂપિયા ૧૧,૦૪૦ મળી કુલ બોટલ નંગ ૧૫૦૦ (પેટ્ટી નંગ ૫૬) કિમત રૂપિયા ૩,૧૦,૨૦૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૧, કિમત રૂપિયા ૫,૦૦૦, એક ફોર વ્હીલ કાર નંબર જી.જે. ૨૭. ઈ.બી. ૩૮૫૩ કિ.રૂ.૧૨,૦૦,૦૦૦ મળી કુલ કિમત રૂપિયા ૧૫,૧૫,૨૦૦ ના મુદ્દામાલ સાથે કાર ચાલક કાળુલાલ ગણેશલાલ પાલીવાલ, (રહે.મોરચા ગામ, તા.કુમલગઢ, જિ. રાજસમંદ–રાજસ્થાન) વાળા ઈસમને પકડી પાડેલ અને આ બનાવના પકડવાના બાકી આરોપીઓ યોગેશ ચેલારામ સીધી, (રહે.ભાવનગર) તથા જગુભાઈ વાલાભાઈ વાળા, (રહે.લાલાવદર, તા. અમરેલી) વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૨ | ૧૬૭૮ |
| ૨ | જીરૂ | ૩૯૮૦ | ૪૭૧૦ |
| ૩ | ઘઉં | ૫૧૦ | ૫૩૦ |
| ૪ | મગ | ૧૩૧૦ | ૧૮૩૦ |
| ૫ | તલ સફેદ | ૨૨૯૦ | ૨૫૮૦ |
| ૬ | અડદ | ૨૨૯૦ | ૧૪૭૦ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૫૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૭૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૭ | ૫૨૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૫૫ |
| ૪ | સોયાબીન | ૮૬૩ | ૮૬૩ |
| ૫ | ચણા | ૧૧૧૫ | ૧૨૯૦ |
| ૬ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૭ | તલ સફેદ | ૨૩૭૦ | ૨૫૦૦ |
| ૮ | શીંગદાણા | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ૯ | મગફળી | ૮૫૦ | ૮૫૦ |
| ૧૦ | ચણા સફેદ | ૮૦૦ | ૧૨૧૫ |

પાના ૧ ઉપરનું ચાલું
## બસપોર્ટનો પ્રારંભ

વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જિલ્લામાં થયેલા અને થવાના વિવિધ વિકાસકાર્યોનો ચિતાર આપતા કહ્યુ કે, રાજય સરકાર દ્વારા જયારે–જયારે રજૂઆત કરવામાં આવી ત્યારે ખુલ્લા હૃદયે અમરેલી જિલ્લાના વિવિધ વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી છે.

તેમણે આ અંગે જણાવ્યુ કે, જિલ્લામાં આજે થનારા વિવિધ લોકાર્પણને લઈને જિલ્લાના નાગરિકોમાં આનંદ અને હર્ષની હેલી છવાયેલી છે. વિવિધ વિકાસના પ્રકલ્પોને જોવા માટે ગઈકાલે સાંજે મોટી સંખ્યામાં અમરેલીવાસીઓ ઉમટી પડયાં હતાં.

વધુમાં જણાવેલ છે કે, વિવિધ વિકાસકાર્યોની ઝલક રજૂ કરતા જણાવ્યુ કે, રાજય સરકાર દ્વારા રૂા. ૨૭ કરોડના ખર્ચે નાવલી નદી પર રિવરફન્ટ, ચાંચ બંદર પર રૂા. ૭૫ કરોડના ખર્ચે બ્રિજ, આંબરડી પાર્કને વિકસાવવા રૂા. ૨૭ કરોડ, લાઠી સિવિલ હોસ્પિટલ માટે રૂા. ૫૦ કરોડ, જિલ્લાકક્ષાના સ્પોટર્સ સંકૂલના પ્રથમ તબક્કા માટે રૂા. ૧૩ કરોડ, રાજમહેલ માટે રૂા. ૨૫ કરોડ, ડીવાયએસપી ઓફિસ માટે રૂા. ૯ કરોડ, રૂા. ૯ કરોડના ખર્ચે મોર્ડન ફાયર સ્ટેશન, બાબરા–જેસંગપરા શાળા માટે રૂા. ૩ કરોડ, ઠેબી ડેમ પર રિવરફન્ટ માટે રૂા. ૫૦ કરોડ, જિલ્લા સાયન્સ સેન્ટર માટે રૂા. ૨૦ કરોડ, અમરેલી શહેરના રોડ–રસ્તા માટે રૂા. ૧૪૦ કરોડ, ગ્રામ્ય વિસ્તારના રોડ માટે રૂા. ૧૦૦ કરોડ, અમરેલી–લિલિયા ફોરટ્રેક રોડ માટે રૂા. ૨૩ કરોડ, સેન્ટર પોઈન્ટથી રાધેશ્યામ સુધીના આર.સી.સી. રોડ માટે રૂા. ૧૨ કરોડ, સિવિલ હોસ્પિટલ માટે રૂા. ૧.૫ કરોડના ખર્ચે રસ્તો, કુંકાવાવ તાલુકામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તેમજ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ કોલેજ માટે રૂા. ૩૬ કરોડના કાર્યોની મંજૂરી આપવામાં આવી છે. આમાંથી અમૂક કાર્યો સંપન્ન થયા છે અને અમુક કાર્યો દિવાળી આસપાસ કાર્યાન્વિત થવાના છે.

સાંસદ ભરતભાઈ સુતરિયાએ જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રીની સહૃદયતા અને સરળતા છે કે, પ્રજાના ગમે તે કામો લઈને જઈએ તો તે આપણને શાંતિથી સાંભળે છે અને દરેક સમસ્યાનું સમાધાન અને નિરાકરણ લાવે છે. કોઈપણ પ્રકારના રાગદ્વેશ વગરના નિર્લેપ મુખ્યમંત્રીની કાર્યશૈલીને તેમણે હૃદયથી બીરદાવી હતી.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યુ કે, અમરેલી જિલ્લાના આંગણે ત્રિવિધ કાર્યક્રમ નિમિત્તે મુખ્યમંત્રી અમરેલીના આંગણે પધાર્યા છે અને સમગ્ર દિવસ અમરેલી જિલ્લાને ફાળવ્યો છે તે આનંદની વાત છે. મુખ્યમંત્રીએ આજે સમગ્ર દિવસ દરમિયાન જિલ્લાને અનેકવિધ વિકાસ કાર્યોની ભેટ આપવાના છે. જેનાથી અમરેલી જિલ્લાની વિકાસની ગતિ વધુ તેજ થશે.

આ તકે, લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લિંબાણી, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા, એસ.ટી. નિગમ સચિવ રવિ નિર્મળ, એમ.ડી. અનુપમ આનંદ, જનરલ મેનેજર જોશી, મુખ્ય બાંધકામ ઈજનેર આર.એમ. સોલંકી, નાયબ ઈજનેર એચ.આર. મોરધરા તેમજ સમગ્ર પ્રોજેકટના ડેવલપર નીલા ટર્મિનલ્સના ડિરેકટર વિમલભાઈ કથિરિયા, જિલ્લા પોલીસ વડા હિમકર સિંઘ, અગ્રણી ભૂપેન્દ્રભાઈ સહિત અગ્રણીઓ, ખેડૂત આગેવાનો અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૧૦૧ | ૧૩૪૩ |
| ૨ | ચણા | ૯૦૦ | ૯૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૪૧ | ૨૬૭૦ |
| ૨ | કપાસ | ૧૧૫૦ | ૧૬૨૫ |
| ૩ | બાજરો | ૪૫૧ | ૫૨૮ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૬૨૭ |
| ૫ | જુવાર | ૪૭૦ | ૮૫૧ |
| ૬ | મકાઈ | ૪૦૭ | ૫૦૧ |
| ૭ | અડદ | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૮ | તુવેર | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| ૧૦ | જીરૂ | ૨૦૦૦ | ૪૩૦૧ |
| ૧૧ | શીંગદાણા | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૧૨ | રાય | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૩ | સોયાબીન | ૮૫૫ | ૮૫૫ |

# લાઠીનાં દુધાળા ગામે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જળસંચયના કાર્યોનું નિરીક્ષણ કર્યુ






અમરેલી જિલ્લાનાં રૂા. ૨૯૨ કરોડનાં ૭૭ વિકાસ કાર્યોના લોકાર્પણ-ખાતમૂહુર્ત માટે પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લાઠીના દુધાળા ગામે આવેલા નારણ સરોવરના ટેબલ પોઈન્ટ ખાતેથી ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા જળસંચયના થયેલા કાર્યોનું નિરીક્ષણ કર્યુ હતું. મુખ્યમંત્રીએ ધોળકિયા ફાઉન્ડેશનના ચેરમેન અને પદમશ્રી સવજીભાઈ ધોળકિયા સાથે જળસંચયના કાર્યોને વેગ આપવા માટે જરૂરી પરામર્શ કર્યો હતો. મુખ્યમંત્રીને સવજીભાઈ ધોળકિયાએ ગાગડીયા નદી પર લાઠી અને લીલીયા તાલુકાના વિસ્તારમાં થયેલા જળસંચયના કાર્યો અને ભૌગોલિક સ્થિતિથી અવગત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારના સહયોગથી ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા અમરેલી જિલ્લા સહિતના સ્થળોએ જળસંચયના કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. બાળાઓએ પુષ્પ પાંખડીઓ દ્વારા મુખ્યમંત્રીનું સ્વાગત કર્યુ હતું. આ તકે લાઠી-બાબરા વિસ્તારનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, લાઠી પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, ધોળકિયા પરિવારનાં મોભી ધનજીબાપા, તુલસીભાઈ ધોળકિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### આયુષ્યમાન ભવ : અભિયાન અંતર્ગત

## અમરેલી જિલ્લાનાં દરેક સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મેડિકલ કેમ્પ યોજાશે

### બાબરા ખાતેથી કેમ્પનો પ્રારંભ

અમરેલી, તા. ૨૦

આરોગ્ય મેળા આયુષ્યમાન ભવ : અભિયાન અંતર્ગત અરોગ્ય સંભાળનો શ્રેષ્ઠ ઉપયોગ અને જન-જાગૃતિ ઉભી થાય તે માટે દર ગુરૂવારે અમરેલી જિલ્લાના દરેક સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ડિસેમ્બર માસ સુધી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે. જે અનુસંધાને તારીખ ૧૯/૦૯/૨૦૨૪ ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર બાબરા ખાતે શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પમાં ઓબસ્ટેટ્રિક અને સ્ત્રીરોગ, બાળ રોગ, સર્જરી, ઈએનટી, આંખ અને મનોરોગ વગેરેની નિષ્ણાંત તબીબો દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.



આ કેમ્પમાં કુલ ૩૫૯ લોકોએ ભાગ લીધો હતો અને જુદા જુદા તબીબો પાસે તપાસ કરાવડાવી હતી અને ૨૫૯ લોકોની લેબોરેટરી તપાસ પણ કરવામાં આવી હતી. આ અનુસંધાને બાબરા નગરપાલીકાના પ્રમુખ પ્રવીણભાઈ કરકર ઉપસ્થિત રહયા હતા. આ કેમ્પનો લાભ વધુને વધુ લોકો લે તેવુ જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવ્યુ છે.

## અમરેલી એસ.ટી.યુનિયન અગ્રણી પ્રશાંત જોષીનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૨૦



અમરેલીએસ.ટી.માંફરજ બજાવતાએસ.ટી.વર્કસયુનિયનતેમજ ભૂદેવગ્રૃપનાંઆગેવાનપ્રશાંતજોષીનો આજે જન્મદિવસ છે. તે ૫૩ વર્ષ પુર્ણ કરી૫૪માંવર્ષમાંપ્રવેશકરીરહયાછે. ત્યારે યુનિયનના આગેવાનો, કર્મચારીઓ, બ્રહ્મસમાજ, મિત્રમંડળ અને સગા સ્નેહીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવી છે. તેમનો મો.નં.૬૩૫૧૦૧૦૨૭૭છે.

## ધારી પોલીસ સ્ટેશનના આવાસની મુલાકાત લેતા મુખ્યમંત્રી

અમરેલી, તા. ૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ધારી ખાતે નેક્સ્ટ જનરેશન પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કર્યા બાદ પોલીસ સ્ટેશનની બાજુમાં જ તૈયાર કરવામાં આવેલ બી-૦૧ પ્રકારના આવાસોના નિરિક્ષણ માટે પહોંચ્યા હતા. પોલીસ સ્ટાફ માટે ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવેલ આવાસોનું તેમણે નિરિક્ષણ કર્યું હતું. આ અવસરે સાંસદ ભરતભાઈ સુતરિયા વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય સર્વ મહેશભાઈ કસવાલા, જે.વી.કાકડીયા, ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર, જિલ્લા કલેક્ટર અજય દહિયા, જિલ્લા પોલીસ વડા હિમકર સિંઘ સહિતના મહાનુભાવો તથા પોલીસ તંત્રના અધિકારીઓ કર્મચારીઓ જોડાયા હતા.

## ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના શિક્ષકોનું પીઆઈ ચાવડા દ્વારા



ચલાલા, તા. ૨૦

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામની મુલકાતે ચલાલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીઆઈ ચાવડા તથા પીએસઆઈ રામાણી સહીત સ્ટાફગણે મુલાકાત લીધી હતી. અને સંસ્થાના પ્રવૃતિને બિરદાવી હતી તેમજ સંસ્થાના શિક્ષકોનુ પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.સંસ્થાના વડા પુ. ડો. રતિદાદાએ તંદુરસ્તી તેમજ શ્રેષ્ઠ કામગીરીના આર્શીવાદ આપ્યા હતા. સંસ્થાના ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતાએ સર્વોનું સન્માન કર્યુ હતું.

### ખેતરમાં ફાંસલા બાંધેલ હોવાથી

## ધારી : સરસીયા રેન્જની આંબરડી બીટમાં સસલાનો શિકાર થયો

### વન વિભાગે એક ઈસમને દંડ ફટકાર્યો

અમરેલી, તા.૨૦



ગીર (પૂર્વ) વન વિભાગ ધારી હેઠળની સરસીયા રેંજના ધારી રાઉન્ડના આંબરડી બીટમાં આવેલ મીઠાપુર ડુંગરી ગામના ગેચર ઢોરા વીસ્તારમાં રાત્રીના સમયે વનવિભાગને બાતમી મળતા સરસીયા રેંજના આર.એફ.ઓ. સ્ટાફ દવારા પેટ્રોલીંગ કરતાં ચતુરભાઈ હીરજીભાઈ દેસાઈના ખેતરમાં શિકાર માટે ફાંસલા બાંધેલ હતો અને તેમાં એક સસલાનો શિકાર થયેલ. જે ધ્યાન ઉપર આવતાં વહેલી સવારે હોમતદારની ઘરપકડ કરી પુછપરછ કરતાં હોમતદાર દવારા આ ગુનો કબુલ કરેલ છે. બાદમાં ગીર પૂર્વ વન વિભાગ ધારીના નાયબ વન સંરક્ષક રાજદિપ સીંહ ઝાલાની સુચના મુજબ એ.સી.એફ. એસ.આર.ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સરસીયા રેંજના આર.એફ.ઓ. જે.જી.વાજા તેમજ ઈ.વનપાલ એમ.કે.ડાંગર દવારા હોમતદાર વિપુલભાઈ ઢપાભાઈ આગરોલીયાને પકડી વન્યજીવ સંરક્ષણ ૧૯૭૨ની વિવિધ કલમો મુજબ ગુનો નોંધી હોમતદાર વિપુલભાઈ ઢપાભાઈ આગરોલીયા વિઢપ્રધ ગુનો નોંધી તેમની પાસેથી એડવાન્સ ગુના રીકવરી પેટે રૂપિયા ૫૦૦૦૦નો દંડ વસુલ કરવામાં આવેલ છે.


વેચવાની છે

ઈન્ડસઈન્ડ બેન્ક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ વ્હીકલ વેચવાનું છે

MARUTI CIAZ
ZDI + BS IV
MODEL - 2017 /
GJ 18 BG 7172

INDUSIND BANK LTD
1st Floor, Bhakti Kutir Complex, Opp. Gopi Cinema, Station road, Amreli.

Contact
HITESH CHUDASAMA
Mo.: 78780 03445


## લાઠીના દુધાળાના પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાને ડોકટરેટની પદવી એનાયત કરાઈ

### અમરેલી જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના

લાઠી, તા. ૨૦

પી.આઈ.એમ.એસ યુનિવર્સિટી દ્વારા પદ્મી સવજીભાઈ ધોળકિયાને વિજ્ઞાનમાં માનદ ડોક્ટરેટની ડીગ્રી પ્રદાન કરવામાં આવેલ.હવેથી પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા પદ્મશ્રી ડોક્ટર સવજીભાઈ ધોળકિયા તરીકે ઓળખાશે.

લાઠીના દુધાળાને જળ સિંચન કામગીરીથી સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ કરનાર અગ્રણી ઉદ્યોગપતિ પદ્મ સવજીભાઈ ધોળકિયાને પ્રવરા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ દ્વારા મહારાષ્ટ્રના રાજયપાલ સી.પી. રાધાકૃષ્ણનના હસ્તે વિજ્ઞાનમાં ડોક્ટરેટની માનદ પદવીથી સન્માનિત



કરવામાં આવેલ. જેમાં મહારાષ્ટ્ર રાજયના મહેસુલ મંત્રી રાધાકૃષ્ણ પાટીલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. પદ્મ સવજીભાઈ ધોળકિયાને ડોક્ટરેટ ની ડિગ્રી મળતા સમગ્ર વિસ્તારમાં હરખની હેલી પ્રસરી છે.તેમ મનોજ જોશીની અખબારી યાદીમાં જણાવેલ છે.

### રૂપિયા ૨૧.૫૧ કરોડનો નફો નોંધાયો

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપનીની તેરમી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

### સભાસદો માટે ૯ ટકા ડિવિડન્ડ જાહેર કરાયું



અમરેલી, તા.૨૦


દુધ ઉત્પાદકોની પોતાની સંસ્થા માહી મિલ્ક પ્રોડ્સર કંપની લિમિટેડની તેરમી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૦ મી સપ્ટેમ્બરને શુક્રવારનાં રોજ સયાજી હોટલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજાઈ હતી. વિશાળ દૂધ ઉત્પાદકોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાનાં ચેરમેન વિજયભાઈ ઓડેદરાએ ગત નાણાંકીય વર્ષ - ૨૦૨૩-૨૪ દરમિયાન સંસ્થાએ સાધેલા વિકાસની રૂપરેખા રજુ કરી હતી. જયારે સંસ્થાનાં મુખ્ય કાર્યપાલક ડો.સંજય ગોવાણીએ વર્ષ દરમિયાન સંસ્થાએ કરેલા કાર્યોની વિગત આપી હતી. માહી ડેરીએ ગત વર્ષ દરમિયાન કુલ રૂપિયા ૧૯૬૮ કરોડની આવક નોંધાવી છે. જયારે રૂપિયા ૨૧.૫૧ કરોડનો નફો નોંધાવ્યો છે. સંસ્થાએ તેના સભાસદોને ૯ ટકા ડિવિડન્ડ જાહેર કર્યુ છે. જે સંસથાની દુધ ઉત્પાદક સભ્યો પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

# અમરેલી માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં 'હિન્દી દિવસ' ઉજવવામાં આવ્યો






અમરેલી જીલ્લા વિદ્યાસભા દ્વારા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ અમરેલીમાં તારીખ ૧૪/૯/૨૪ને શનિવારનાં રોજ 'હિન્દી દિવસ' ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમગ્ર કોલેજ દીપપ્રાગટયથી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે મંગલ પ્રારંભ સર્વધર્મ પ્રાર્થનાથી અને દીપપ્રાગટયથી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે હિંદી વિભાગના પ્રાધ્યાપક ડો. અરવિંદ ઉપાધ્યાય સાહેબે હિંદી ભાષાના ઉદભવ વિકાસ અને મહત્વ વિશે પ્રભાવશાળી વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ પ્રિન્સિ. ચુડાસમા હિન્દી દિવસનાં મહત્વ વિશે વકતવ્ય આપ્યું હતું. કવિ નિરાલા, દુષ્યંત કુમાર હીંદીના કવિઓનાં સાહિત્યિક યોગદાન વિશે પ્રભાવ શાળી વકતવ્ય આપ્યું હતું. અને વિદ્યાર્થીનીઓને હિંદી દિવસની શુભકામનાઓ પાઠવી હતી. હિન્દી વિભાગાધ્યક્ષ પ્રા.વેલિયત સાહેબે હિન્દીનાં વિવિધ માધ્યમો જેવા કે ઈન્ટરનેટ, ફિલ્મી, ટી.વી સિરીયલ, વિજ્ઞાપન, અનુવાદ વગેરે દ્વારા હિન્દીનાં વિકાસ અને રોજગાર મેળવાનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે કોલેજના પૂર્વ અને સ્વર્ગીય પ્રિંસિપાલ એન.કે.ત્રિવેદી સ્વ.ડો.એન.ટી.સાઠે સ્વ. માતુશ્રી મોંઘીબા, દાતા ટ્રસ્ટી સ્વ. લક્ષ્મીદાસભાઈ સંઘવી તેમજ પૂર્વ પ્રિન્સિપાલ ડો. સેન મેડમના યોગદાન યાદ કરવામાં આવ્યું હતું. 'હિંદી દિવસ' નિમિતે એક ભાષણ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પઠાણ સુનેરાએ પ્રથમ સ્થાન, સરપદડિયા રાધિકા વી. એ દ્રિતિય સ્થાન અને રંગપરા રિધ્ધિ તેમજ લિમ્બાસિયા ઉર્મિ કે. એ તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. સ્પર્ધામાં ભાગ લેનાર તમામને પમાણપત્ર અને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. વિજેતા અને ભાગ લેનાર તમામને ઈન્ચાર્જ પ્રિન્સિ ડો. ચુડાસમા સાહેબ, સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થિનીઓએ શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન હિંદી વિભાગના પ્રા.ડો.અરવિંદ ઉપાધ્યાયએ કર્યુ હતું. અને આભાર દર્શન પ્રા.સવિતાબેન પરમારે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં હિંદી વિભાગ, સમગ્ર કોલેજ પરિવાર અને વિદ્યાર્થિનીઓનો ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયો હતો.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ? ફ્રી નિદાન કેમ્પ... ફ્રી ઓપરેશન...
નોંધ: હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા યુરોલોજીસ્ટ
તારીખ : ૨૦-૦૯-૨૦૨૪,શુક્રવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦


નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦


## રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં વરદ્‌હસ્તે

# અમરેલીનાં ઐતિહાસીક ''રાજમહેલ''નાં પુનઃ નિર્માણનું ખાતમુર્હુત

**રૂપિયા ૨૫ કરોડનાં ખર્ચે નવીનીકરણ કરીને રાજમહેલને પુનઃ ધમધમતો કરી દેવાશે**

**રાજમહેલ ખાતે મુખ્યમંત્રીએ સ્થાનિક વકીલો, ડોકટર અને નાગરિકોનું અભિવાદન સ્વીકારેલ**

**રાજમહેલનું નિર્માણકાર્ય ૧૩૨ વર્ષ પહેલા પૂર્ણ કરવામાં આવેલ અને પુનઃ હવે રીનોવેશન કરાશે**

**સાંસદ સુતરીયા, નાયબ દંડક કૌશિક વેકરિયા, ધારાસભ્ય કસવાલા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૨૦

અમરેલીવાસીઓને ઐતિહાસિક ભેટ આપતા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી ખાતે ઐતિહાસિક રાજમહેલ (પેલેસ ઓફ અમરેલી)ના પુનઃ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કર્યુ હતું. ગાયકવાડી કાળની આ ઐતિહાસિક ઈમારતનું આશરે રૂા. ૨૫ કરોડના ખર્ચે પરંપરાગત પદ્ધતિથી નવીનીકરણ કરવામાં આવશે.

અમરેલી જિલ્લાના લોકોને રૂા. ૨૯૨ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે અમરેલી પધાર્યા હતા. અમરેલી શહેર મધ્ય આવેલો ઐતિહાસિક રાજમહેલ હાલ જર્જરિત સ્થિતિમાં છે ત્યારે, 'વારસાના વિકાસ'ને વેગ આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈએ આ ઈમારતના નવીનીકરણના કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો.

અમરેલીના રાજમહેલ ખાતે

અનુસંધાન પાના ૬ ઉપર

## અવારનવાર થતી માથાકૂટથી કંટાળી ગયા

# રાજુલામાં રહેતા પરપ્રાંતિય યુવકે પત્ની સાથે માથાકૂટ થતાં ગળાફાંસો ખાઈ લીધો

**સાડી વડે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૨૦

રાજુલા ગામે કોહીનુર હોટલ પાછળ, હરેશભાઈ ઠાકરશીભાઈ કવાની ઈ–કોમ્પલેક્ષ કોલોનીમાં, બીજા માળે, રૂમ નં. ૧૩માં રહેતા અને મુળ સિહોર, રાજોરીયા મોહલ્લાગંજ (એમપી) ના વતની શ્યામકુમાર શિવદયાલ પ્રજાપતિ નામનાં ૪૦ વર્ષિય યુવકને તેમની પત્નિ દિપા સાથે અગાઉ અવાર–નવાર વગર વાંકે ઝઘડાઓ કરતા હોય અને મરી જવાનું કહેતા હોય. ગત તા. ૧૮ના રાત્રીના દશેક વાગ્યાની આસપાસ દિપા સાથે ઝઘડો કરેલ હોય. જેથી તેમના પત્નિએ પોતાના પતિને ઝઘડો નહીં કરવા ઠપકો આપેલ હોય. જે વાતનું મનમાં લાગી આવતા તા. ૧૯ ના રાત્રીના આશરે સાડા બાર વાગ્યાથી વહેલી સવારના છએક વાગ્યાના કોઈપણ સમયે પોતે પોતાની મેળે સાડી વડે ગળાફાંસો ખાઈ જઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# અમરેલીના ચિતલ ગામ નજીકથી વિદેશી દારૂનાં જથ્થા સાથે ૧ ઈસમની અટકાયત

**કુલ રૂપિયા ૧૫.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે**



અમરેલી, તા. ૨૦

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા એલ.સી.બી. ટીમ ગઈકાલે મોડીરાત્રીના સમયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન બાતમી મળેલ કે અમરેલીના ચીતલ ગામ પાસેથી એક ફોર વ્હીલ કારમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાની હેરફેર થતી હોય, આ અંગે વોચ

અનુસંધાન પાના ૬ ઉપર


NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
હવે આપણી ગોળ હોસ્પિટલમાં નિયમિત મળશે .......
- ડાયાબિટીસ - કિડની - લીવર ની તકલીફ
- હૃદયરોગ - બીપી
- શ્વાસ ચડવો
- પેરાલીસીસ અને આંચકીની તકલીફ વગેરે તકલીફ ની સારવાર માટે મળો
કેશલેસ મેડિક્લેમ સુવિધા ઉપલબ્ધ

ડો. હિરલ કુચા
એમ.ડી (કન્સલ્ટન્ટ ફિઝિશિયન અને કાર્ડિયો ડાયાબિટોલોજિસ્ટ)
24X7 ઈમરજન્સી અને એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ
અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો ૯૯૦૮૯૯૬૬૨૯
સમય : સવારે ૯ થી ૨ અને સાંજે ૫ થી ૮
એન. સી. ટી. કેમ્પસ, ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
66,250/-
(૧૦ ગ્રામ)
રેહલ તા. ૨૦/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


## :: બેસણું ::



**સ્વ. રાણુબાબેન લખુભાઈ શેખવા**

સ્વ. ૧૮-૦૯-૨૦૨૪, બુધવાર ભાદરવા સુદ પૂનમ (ઉં.વ. ૮૮)

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે,
અમારા માતૃશ્રી સ્વ. રાણુબાબેન લખુભાઈ શેખવા
તા. ૧૮-૦૯-૨૦૨૪, બુધવાર ના રોજ રામચરણ પામેલ છે.

**સદ્‌ગતનું બેસણું**

તારીખ : ૨૧-૦૯-૨૦૨૪, શનિવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૭:૦૦
સ્થળ : કાઠી ક્ષત્રિય સમાજની વાડી, હનુમાન પરા રોડ, અમરેલી.

લી

| | |
|---|---|
| ઉદયભાઈ લખુભાઈ શેખવા | સુરેશભાઈ લખુભાઈ શેખવા (મેનેજર અ.જી.મ.સ.બેંક, અમરેલી) |
| કિરણભાઈ લખુભાઈ શેખવા | રવિરાજભાઈ ઉદયભાઈ શેખવા (અશ્વમેઘગ્રુપ-અમરેલી) |
| પ્રકાશભાઈ લખુભાઈ શેખવા | જયભાઈ પ્રકાશભાઈ શેખવા |
| મેઘરાજભાઈ ઉદયભાઈ શેખવા | વિશ્વરાજભાઈ પ્રકાશભાઈ શેખવા |
| ચંદ્રરાજભાઈ કિરણભાઈ શેખવા | જસપાલભાઈ સુરેશભાઈ શેખવા |
| ધરમભાઈ કિરણભાઈ શેખવા | ધ્રુવરાજભાઈ રવિરાજભાઈ શેખવા |

ૐ શાંતિ..શાંતિ..શાંતિ..
જય વિહળાનાથ

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)